SAMVAD E-JOURNAL
ISSN : 2583-8334
(International Peer-Reviewed Refereed Journal)
Volume 3, Issue-1, Special Issue-January: 2025
Published by Rangmati Publication http://www.rangmatipublication.com/

# 085. વઢિયાર પંથકનું લોકસાહિત્ય અને લોકસંસ્કૃતિ

*ડૉ.કાર્તિકકુમાર પી. મકવાણા*

ઉત્તર ગુજરાતની ત્રણ કુંવારિકા નદીઓ-બનાસ, રૂપેણ અને સરસ્વતીથી પાવન થયેલો પ્રદેશ એટલે પાટણ જિલ્લાનો વઢિયાર પ્રદેશ. વઢિયાર પ્રદેશની આગવી ઓળખ એ છે કે, તેની સંસ્કૃતિ અનોખી ભાત ધરાવે છે. વઢિયાર પ્રદેશના લોકોનું કુટુંબજીવન અને સમાજજીવન અન્ય પ્રદેશના લોકોથી ભિન્ન છે. આ પ્રદેશનું લોકજીવન તેના ભવ્ય સાંસ્કૃતિક વારસાને સાચવી બેઠું છે. આનંદ-ઉલ્લાસ અને દુ:ખના પ્રસંગોએ આ મીઠડા માનવીઓ પોતાની જીવન ગાથાને કેવી રીતે રજૂ કરે છે એ જોવાનો, જાણવાનો અને માણવાનો વિષય છે.

આપણે બધા જાણીએ છીએ કે, ગુજરાતમાં દક્ષિણ ગુજરાત, ઉત્તર ગુજરાત, સૌરાષ્ટ્ર, કચ્છ, મધ્ય ગુજરાત વગેરે પ્રદેશના લોકોને પોત-પોતાની બોલીઓમાં લોકસાહિત્ય છે. લોકોનું એક પ્રદેશમાંથી બીજાં પ્રદેશમાં સ્થળાંતર કરવાને કારણે આજે આ લોકસાહિત્ય કોઈ એક પ્રદેશ પુરતું જ સીમિત રહ્યું નથી. પરંતુ ગુજરાતનાં દરેક પ્રદેશમાં લોકસાહિત્યનો સૂર આપણને સંભળાય છે. આ સૂર વઢિયાર પ્રદેશમાં પણ અનુભવાય છે.

આપણે જાણીએ છીએ કે, કુંટુંબની અંદર રહેનારાઓ વચ્ચેના પરસ્પર સંબંધો આખરે સમાજનું માળખું નક્કી કરતા હોય છે. જે તે કુટુંબના રીતરિવાજો, એમની જ્ઞાતિ વગેરે એમના પ્રદેશ પર આધાર રાખતા હોય છે. અને અંતે એ જ રીતરિવાજો સમાજનું પ્રતિબિંબ બની જતાં હોય છે. એટલે જ સૌરાષ્ટ્રનાં લગ્નોમાં જેટલાં વિધિવિધાન હોય એટલાં દક્ષિણ ગુજરાતના લગ્નોમાં ન હોય અને એટલે એટલાં ગીતોનાં પ્રકારો પણ દક્ષિણ ગુજરાતમાં નહીં જ હોય.

જે તે પ્રદેશમાં વસતી અનેક જ્ઞાતીઓના રીતરિવાજો એ પ્રદેશના સમાજમાં પડઘાતા જોવા મળે છે. કારણકે જે-તે પ્રદેશના લોકગીતો, લોકકથાઓ લગભગ સરખાં હોય છે. એ સમાજમાં જીવનારા, કુટુંબની અંદર રહેનારાઓ, તેમની વચ્ચેના પરસ્પર સંબંધો આખરે જે-તે સમાજનું માળખું નક્કી કરતાં હોય છે. જે-તે કુટુંબના રીતરીવાજો એમની માન્યતાઓ, જ્ઞાતિ, સંપ્રદાય, ધર્મ વગેરે પર આધાર રાખતા હોય છે અને અંતે એ જ રીતરીવાજો અને માન્યતાઓ તે સમાજનું પ્રતિબિંબ બની જતાં હોય છે. પ્રદેશ પણ આમાં એક મહત્વનું પરીબળ બને છે. એટલે જ વઢિયારના કૌટુંબિક-સામાજિક પ્રસંગોમાં જેટલાં વિધિવિધાન હોય છે, એટલાં ઉત્તર ગુજરાતનાં અન્ય પ્રદેશોમાં કદાચ ન હોય એવું બને. તેથી જ વઢિયારમાં મળે છે એટલાં ગીતોના પ્રકારો પણ ગુજરાતના અન્ય પ્રદેશોમાં નથી મળતા.

વઢિયાર પ્રદેશનાં કુટુંબ અને સમાજમાં પ્રચલિત વિધિવિધાનો, તહેવારો, રીતરિવાજો, વ્રતો, ઉત્સવો વગેરે પ્રસોગોનાં ગીતોમાંથી પસાર થયો ત્યારે કૌટુંબિક સંબંધોમાં સાસુ-વહુ, મા-દીકરી, બાપ-દીકરી, નણંદ-ભાભી, દિયર-ભાભી, ભાઈ-બહેન વગેરેનાં સંબંધોની વાત પણ તેમાં જોવા મળે છે. તે ઉપરાંત લગ્નગીતો, દાંપત્યજીવનનાં ગીતો, કુરિવાજોનાં ગીતો, મેળાના ગીતો, ગરબા-ગરબી, રાસડાઓ, ભજન, વિધિવિધાનનાં ગીતો વગેરેની વાત પણ વઢિયાર પ્રદેશના લોકસાહિત્યમાં વણાયેલી છે.

વઢિયાર પ્રદેશની લોકસંસ્કૃતિ પચરંગી છે. આ પ્રદેશની સંસ્કૃતિ પર ચુંવાળ, ખારોપાટ, પાટણવાડો, કચ્છ અને સૌરાષ્ટ્ર વગેરે આજુબાજુના પ્રદેશની સંસ્કૃતિની અસર પડે છે. જેના લીધે અહીની લોકસંસ્કૃતિ ભાતીગળ બની છે. અઢારેય વર્ણના લોકની ભિન્નતાવાળું સમાજજીવન, તેમના પહેરવેશ, બોલી અને ઉત્સવ-પ્રસંગોથી રળિયાત આ પ્રદેશની સંસ્કૃતિ ભવ્ય છે. અન્ય પ્રદેશની જેમ આ પ્રદેશને પણ પોતાના લોકગીતો, લોકકથાઓ, લોકનૃત્ય વગેરે છે. આ પ્રદેશના લોકસાહિત્યને ઘડવામાં, તેના વિકાસ અને પ્રચાર-પ્રસારમાં ઠાકોર અને ભરવાડ સમાજનું વિશેષ યોગદાન રહ્યું છે એમ કહી શકાય. આ ઉપરાંત રબારી અને ઠાકોર સમાજના યોગદાનને પણ ગણાવી શકાય. આ સમાજો આ લોકસાહિત્યના વાહકો છે. અ સમાજો દ્વારા લગ્નપ્રસંગે, મેળાવડામાં કે લોકમેળાઓમાં આ લોકસાહિત્ય અને લોકસંસ્કૃતિ જોવા મળે છે. જેના સંદર્ભે અહીં તે સમાજના લોકોના પહેરવેશ, રહેઠાણ, ખાનપાન અને વ્યવસાય વગેરેની થોડી માહિતી આપવાનો પ્રયાસ છે મારો.

વઢિયાર પંથકનું લોકજીવન ખમીરી-ખુમારી, ખાનદાની, પરોપકાર અને ત્યાગ તથા સંઘર્ષથી ભરેલું છે. વર્ષોથી ચાલ્યા આવતા રીતિ-રિવાજો, માન્યતાઓ અને વિધિવિધાનો અહીં જીવંત છે. અહીંનું રંગબેરંગી એવું ભાતીગળ લોકજીવન આ પ્રદેશની લોકસંસ્કૃતિની એક આગવી ઓળખ ઊભી કરી આપે છે.

વઢિયાર પ્રદેશમાં ઠાકોર સમાજની વસ્તી સૌથી વધારે છે. તેઓનો મુખ્ય વ્યવસાય ખેતી અને પશુપાલન છે. તેઓ ખડતલ અને મહેનતુ હોય છે. સ્વાભિમાનથી જીવન જીવવાવાળી આ પ્રજામાં ખમીરી-ખુમારીનાં દર્શન થાય છે. તેઓનો પહેરવેશ જોઈએ તો પુરુષો ‘અઢીવટો’ શરીરે પહેરણ અને માથે ફાળિયું બાંધે છે. સફેદ અને લીલા કલરની પાઘડી તેમની ઓળખ છે. આભૂષણોમાં કેડે કંદોરો, કાનમાં ‘મરશી’, ગળામાં ડોડી કે ઓમ પહેરે છે. સ્ત્રીઓ લાલ અને વાદળી ભાતવાળી સાડી, ઘેરવાળો ઘાઘરો અને કબજો કે કમખો પહેરે છે. તેઓ નથણી, બુટ્ટી, વાળિયું, કડલાં, કાંબિયું વગેરે પહેરે છે.

વઢિયાર પ્રદેશમાં ઠાકોર સમાજની લોકસંસ્કૃતિ વિશિષ્ઠ છે. ભારત-પાકિસ્તાનના ભાગલા બાદ આ પ્રદેશમાં આવીને વસેલ આ સમાજના પહેરવેશ, બોલી, ઘરેણાં, રીત-રિવાજ, માન્યતાઓ વગેરેમાં ખૂબ વિવિધતા જોવા મળે છે. આ સમાજના લોકો ખેતી અને પશુપાલનના વ્યવસાય સાથે જોડાયેલા છે.

ઠાકોર સમાજની જેમ ભરવાડ સમાજના લોકોનો પણ મુખ્ય વ્યવસાય પશુપાલન અને ખેતી છે. આ સમાજના પુરુષો પચરંગી પહેરવેશ પહેરે છે. તેઓ ‘બારી’ તરીકે ઓળખાતા ધોતિયા જેવું લાલ-લીલા રંગનું કોરે ભાતવાળું વસ્ત્ર શરીરે બંડી કે પહેરણ અને માથે પાઘડી કે લાલ-લીલા ફૂલોની ભાતવાળો રૂમાલ બાંધે છે. તેઓ ગળામાં ઓમ કે ડોડી, હાથમાં કડાં અને કેડે કંદોરો પહેરે છે. સ્ત્રીઓ ઝીણી ભાતવાળી સાડી, પચરંગી ભરતવાળો ઘાઘરો અને કબજો કે કમખો પહેરે છે. બુટ્ટી, નથણી, કડલાં, કાંબિયું, લોકેટ, હાથીદાંતની ચૂડીઓ વગેરે પહેરે છે.

આ પ્રદેશમાં વસનારા રબારી સમાજના લોકોનો મુખ્ય વ્યવસાય પણ પશુપાલન અને ખેતીનો છે. તેઓનો પહેરવેશ થોડો અલગ છે. ધોતિયું, કેડિયું, પાઘડી તેમનો પહેરવેશ છે. જે સફેદ હોય છે. કંદોરો, કડાં, ઓમ, ડોડી, મરશિયું વગેરે છે. સ્ત્રીઓ પચરંગી લાલ-કાળી ભાતવાળી સાડી, ઘેરવાળો ઘાઘરો અને કબજો કે કમખો પહેરે છે. તેઓનાં આભૂષણો બુટ્ટી, નથણી, વાળિયું, કડલાં, ઝાંઝરી વગેરે છે.

વઢિયાર પ્રદેશમાં વસનારાં ઠાકોર, ભરવાડ, રબારી સમાજના લોકો વારે-તહેવારે પોતોનો પરંપરાગત પહેરવેશ પહેરે છે.

## ❖ સંદર્ભસૂચિ :

1. આપણી લોકસંસ્કૃતિ : જયમલ્લ પરમાર, પ્રવીણ પુસ્તક ભંડાર – રાજકોટ, નવસંસ્કરણ 2002, 368 પાના, 225 રૂ.

2. ગુજરાતનાં લગ્નગીતો : સંપા. વિનાયક રાવલ, ગુજરાત સાહિત્ય અકાદમી – ગાંધીનગર, પ્રથમ આવૃત્તિ 2004, 312 પાના, 160 રૂ.
3. ગુજરાતી લોકસાહિત્ય વિમર્શ : બળવંત જાની, પાર્શ્વ પબ્લિકેશન- અમદાવાદ, પ્રથમ આવૃત્તિ-2010, 200 પાના, 140 રૂ.
4. ધન્ય ધરા વઢિયાર ભાગ-૧ : સંપા.મનુભાઈ ઠાકોર, રઘુભાઈ રબારી, વઢિયાર સાહિત્ય મંચ, પ્રથમ આવૃત્તિ ૨૦૨૩, ૪૪૦ પાના, ૪૯૯ રૂ.
5. લોકગુર્જરી સળંગ અંક, છાસઠ : શ્રી ઝવેરચંદ મેઘાણી લોકસાહિત્ય કેન્દ્ર, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, ડિસેમ્બર-૨૦૨૨૨, ૧૪૪ પાનાં, ૫૦ રૂ.
6. લોકગુર્જરી સળંગ અંક, પીસ્તાલીસ : શ્રી ઝવેરચંદ મેઘાણી લોકસાહિત્ય કેન્દ્ર, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, સપ્ટેમ્બર-૨૦૧૭, ૧૫૨ પાનાં, ૫૦ રૂ.
7. લોકસાહિત્ય ભણી : બિપિન આશર, ડિવાઈન પબ્લિકેશન, પ્રથમ આવૃત્તિ 2010, 205 પાના, 150 રૂ.
8. લોકવાણી : વસ્તુ અને વિચાર : મનોજ રાવલ, શ્રી ઝવેરચંદ મેઘાણી લોકસાહિત્ય કેન્દ્ર- રાજકોટ, પ્રથમ આવૃત્તિ 2015, 150 પાના, 100 રૂ.


લોક